Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

મહા | ફાગણ

પુસ્તક ૯૬ મુ

અંક ૪-૫

૭મી માર્ચ

૧૯૭૭



यद्भरतावनिवनिताविशाल भालस्थलस्य तिलकाभम ।
तद्भवसमुद्रतीर्थास्तविमि समेतगिरि तीर्थम ॥

આ ભરત ભૂમિરૂપી સ્ત્રીના વિશાળ લલાટ સ્થલના તિલક સમાન સમેત શિખર તીર્થ કે જે સંસાર સમુદ્રના તીર્થ સમાન છે.

મહા | ફાગણ

વીર ૨૫૦૩

વિક્રમ સંવત ૨૦૩૩

: પ્રગટ :

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ :: વર્ષ ૯૫ મું :: વાર્ષિક લવાજમ: પોસ્ટેજ સહિત ૬-૫૦

## : अनुक्रमणिका :



| ક્રમ | લેખ | લેખક | પાના નં. |
|---|---|---|---|
| ૧. | જિનદ્વાર (શિખરીણી વૃત્તમ) | શામજી હેમચંદ | ૩ |
| ૨. | શ્રી જય શંખેશ્વરા પાર્શ્વનાથ | શરણાર્થી | ૪ |
| ૩. | શ્રી જૈન રામાયણ | શ્રી ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્રમાંથી | ૫/૬ |
| ૪. | મોતી માંડવડા હેઠ | રતીલાલ માણેકચંદ શાહ | ૭ |
| ૫. | રાજ પ્રસાદી | અમર | ૯ |
| ૬. | ધર્મમય જીવનાં લક્ષણો | આ. શ્રી અશોકચંદ્ર ડેલાવાળા | ૧૧ |
| ૭. | | મુનિ ચરણવિજયજી | ૧૬ |



**પ્રેસનોંધ :**


શ્રી જૈન એશોસીએશન ઓફ ઈન્ડીયા મારફત કાનૂની સલાહ વિના મૂલ્ય શ્રી જૈન એસોસીએશન ઓફ ઈન્ડીયા ૯૩ વર્ષથી જૈન સંઘ અને સમાજની સેવા કરે છે. આ સંસ્થાએ જૈન સમાજની પબ્લિક ચેરિટી તથા ધાર્મિક સંસ્થાઓના ટ્રસ્ટોને ઉપયોગી થવાના હેતુથી પબ્લિક ટ્રસ્ટ એકટ, ઇન્કમ ટેક્ષ તથા ચેરીટી કમી-શનરના વારંવાર કાયદાઓમાં થતા ફેરફારને અનુલક્ષી કાયદાની સલાહ અને માર્ગદર્શન આપવાની વિના મૂલ્ય કાર્યવાહી શરૂ કરેલ છે. ધાર્મિક અને ધર્માદા સંસ્થાઓથી પ્રવૃત્તિઓ અને પ્રગતિમાં બાધારૂપ સમસ્યાઓમાં આ સંસ્થા કાનૂની સલાહ આપશે અને તે માટે કાયદા-કાનુંનના નિષ્ણાતોની એક પેનલ બનાવેલ છે.

સમસ્ત ભારતના કોઈપણ સ્થળે નાના ગામડાથી લઈને, મોટા શહેરોમાં આવેલ દેરાસર, ઉપાશ્રય, ધર્મશાળા, ભોજનશાળા, બોર્ડિંગો અને કેળવણી ક્ષેત્રે કાર્ય કરતી સંસ્થાઓ નિયત નોંધણી પત્રક નીચેના સ્થળેથી મંગાવીને પોતાની સંસ્થા રજિસ્ટર કરાવી દે તેવી વિજ્ઞપ્તિ કરવામાં આવી છે. વધુ માટે નીચેના સ્થળે લખો.

શ્રી જૈન એસોસીએશન ઓફ ઇન્ડીયા ઓગસ્ટ ક્રાંતિ માર્ગ મુંબઇ-૪૯૦૦૪૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૯૬ મુ | પોષ | વીર સં. ૨૫૦૩
અંક ૩ જો | | વિક્રમ સં. ૨૦૩૩

## જિનમતદ્વાર (શિખરિણી વૃત્તમ)

ન દેવં ના દેવં ન શુભ ગુરૂ મેવં ન કુગુરૂં
ન ધર્મં ના ધર્મં ન ગુણ પરિણદ્ધં ન વિગુણમ
ન કૃત્યં ના કૃત્યં નહિત મહિત નાભિ નિપુણં
વિલોકતે લોકાજિન વચન ચક્ષુ વિરેહિતાઃ ॥ ૧ ॥

(ગુજરાતી)

સદ્‌ગુરૂના કે અસદ્‌ગુરૂના કુદેવને વળી દેવ તણા
ગુણીજનો કે ગુણ હીનના. અધર્મ કે વળી ધર્મ તણા
કૃત્યા કૃત્ય કે હિત અહિતના રસ્તા સૂઝે નહિં તેને
જિનવાણીમય નિર્મળ નેત્રો મળ્યા નથી જગમાં જેને ૧૭.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જય શંખેશ્વરા પાર્શ્વનાથ

( ગયા અંકથી ચાલુ ) લેખક : શરણાર્થી

જરાસંધે સાગરના ઉછળતા મોજાસમું પોતાનું સૈન્ય નિહાળી હાસ્ય કર્યું.

"આ બીચારા ગોવાળ (કૃષ્ણ)ના દિવસો હવે ભરાય ગયા છે, ખરે! આવતી કાલના યુદ્ધમાં યાદવોના વિનાશથી પૃથ્વીનો ભાર ઓછો થશે."

સામેથી ચાલ્યા આવતા મહામંત્રી હંસકમંત્રી ઉપલા શબ્દો સાંભળતા તેના હૃદયમાં નીરાશા ઉપજતાં મનમાં વિચાર કરવા લાગ્યા. ત્રિખંડ ભરતનું સામ્રાજ્ય ભોગવીને મહારાજ મગધથર હવે વૃધ થયા છે. થાકી ગયા છે. પ્રતિવાસુદેવની રૂદ્ધિ ઘણામળ પર્યન્ત તેમણે ભોગવી છે. અનેક શત્રુ રાજાને અને મહારાજાઓને કુટિને સર્વ જગ્યાએ મગધેશ્વર પોતાની આજ્ઞા મનાવી છે. પોસાની પ્રચંડ સત્તામાં અર્ધ ભારત દબાવ્યું છે. પ્રતિવાસુદેવની લક્ષ્મી વાસુદેવાજ લુટી લે છે અને તે વાસુદેવા પ્રતિવાસુદેવને મારીને તેનું સર્વસ્વ પડાવી લઇને પોતેજ અર્ધ ભરતના ધણી થાય છે. એવી રીતે આ મગધેશ્વર આ ભરતવર્ષ ઉપર નવમા પ્રતિવાસુદેવ અર્ધચક્રી થયા છે. તેમની વૃદ્ધાવસ્થામાં શ્રી કૃષ્ણ પોતે જ મગધેશ્વરને મારીને નવમાં વાસુદેવ થશે કૃષ્ણને એ નવમાં વાસુદેવના હાથે જ જરાસંઘનું મોત જ્ઞાનીએ પહેલેથી કહેલું છે. તે આજે સાક્ષાત જોવાનો સમય આવ્યો છે. છતાં હું મહારાજાને સમજાવીને મારી ફરજ આજે અદા કરૂં હું સમજાવું છું કે ભાવિ કદાપિ અન્યથા થતું નથી છતાંય પ્રયત્નો કરી જાઉ?

"હા મહારાજ! હું કંઈક આપને અરજ કરવા ચાહું છું? હંસકમંત્રીએ જરાસંઘને નમન કરીને કાર્યની પ્રસ્તાવના કરી. "મંત્રીશ્વર, આવો જુઓ આવતી કાલે પ્રભાતમાં જ યુદ્ધનો અગ્નિ ફાટી નીકળશે. એમાં યાદવો સૈન્ય સહીત બળીને ભસ્મ થઇ જશે બોલો શું અરજ ગુજારો છો! "મહારાજ જરાસંઘે આવેશમાં હોવા છતા નરમાશથી કહ્યું.

"રાજન? આપણાઓ અસંખ્ય સાગરસમા સૈન્યમાં આપ એક જ મહાન વીર છો વિશ્વમાં અદ્વિતીય વિજેતા છો જ્યારે યાદવ સૈન્યથાં ત્રણ છે. (ક્રમશઃ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન રામાયણ

(ગયા અંકથી ચાલુ) —શ્રી ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્રમાંથી

## સર્ગ ૪ થો.

### રામ લક્ષ્મણની ઉત્પત્તિ, વિવાહ અને વનવાસ

મિથિલા નગરીમાં હરિવંશને વિષે વાસવકેતુ નામે એક રાજા હતો. તેને વિપુલા નામે સ્ત્રી હતી. તેઓને પર્ણ લક્ષ્મીવાળો અને પ્રજાઓને જનકસમાન જનક નામે એક પુત્ર થયો. અનુક્રમે તે રાજા થયો. એ સમયમાં અયોધ્યાનગરીમાં શ્રીઋષભ ભગવાનના રાજ્ય પછી ઈક્ષ્વાકુવંશની અંતર્ગત રહેલા સૂર્યવંશમાં અનેક રાજાઓ થયા, જેઓમાંથી કેટલાક મોક્ષે ગયા અને કેટલાક સ્વર્ગે ગયા. તે વંશમાં વીસમાં અર્હંતનું તીર્થ પ્રવર્તતા એક વિજય નામે રાજા થયો. છેને હિમચુલા નામે પ્રિયા હતી. તેઓને વજ્રબાહુ અને પુરંદર નામે બે પુત્રો થયા. તે સમયમાં નાગપુરમાં ઈભવાહન રાજાને તેની ચુડામણી નામની રાણીથી મનોરમાં નામે એક પુત્રી થઇ હતી જ્યારે તે ઉદયસુંદર નામનો તેનો સાળો ભક્તિથી જેની પાછળ આવેલ છે એવો વજ્રબાહુ મનોરમાને લઈને પોતાના નગર તરફ ચાલ્યો. આગળ ચાલતાં માર્ગમાં એક ગુણસાગર નામનો મુનિ તેમના જોવામાં આવ્યા. તે ઉદયાચળ ઉપર રહેલા સૂર્યની જેમ વસંતગિરિ પર તપતેજથી પ્રકાશિત થઈ રહેલા હતા તે મુનિ આતાપના કરતા ઉંચુ જોઇ રહેલા હતા. તેથી જાણે મોક્ષમાર્ગને જોતા હોય તેમ દેખાતા હતા. મેઘને જોતા મયૂરની જેમ તેને જોતાં જ વજ્રબાહુને અત્યંત હર્ષ ઉત્પન્ન થયો, તેથી તત્કાળ પોતાના વાહનને ઉભું રાખીને તે બોલ્યો—'અહો! કોઈ આ મહાત્મા મુનિ વંદન કરવા યોગ્ય છે. તે ચિંતામણી રત્નની જેમ ઘણા પુણ્યથી જોવામાં આવ્યા છે.' તે સાંભળી તેના સાળા ઉદયસુંદરે ઉપહાસ્યમાં કહ્યું કે-'હે કુમાર! કેમ દીક્ષા લેવાની ઈચ્છા છે?' વજ્રબાહુ બોલ્યો—'હા, તેમ કરવાને મારુ મન છે.' ઉદયસુંદરે ઉપહાસ્ય મશ્કરીમાં કહ્યું 'હે રાજા! જો તમારૂ મન હોય તો વિલંબ કરો નહિ. હું તમને સહાય આપીશ.'



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વજ્રબાહુએ કહ્યું–'મર્યાદાને સમુદ્ર ન તજે તેમ તમે તમારી પ્રતિજ્ઞાનો ત્યાગ કરશો નહિ. તેણે 'બહુ સારૂં' કહ્યું એટલે તત્કાળ વજ્રબાહુ જેમ મોહ ઉપરથી ઉતરે તેમ વાહન ઉપરથી ઉતરી પડયો અને ઉદયસુંદર વિગેરેથી પરવર્યો સતો વસંતશેલ ઉપર ચડયો. તેનો દઢ વિચાર જાણી ઉદયસુંદર બોલ્યો કે–'હે સ્વામી! તમે દીક્ષા લેશો નહિ, મારા આ ઉપહાસ્ય વચનને ધિક્કાર છે! આપણા બંને વચ્ચે દીક્ષા વિષ ફક્ત મશ્કરીની જે વચની હતાં, તો તે વચનને ઉલ્લંઘન કરવામાં કાંઇ પણ દોષ નથી. પ્રાયઃ વિવાહના ગીતની જેમ ઉપહાસ્યના વચનો સત્ય હોતાં નથી. તમે અમને સર્વ પ્રકારની આપત્તિઓમાં શહાયકારી થશો, એવા અમારા કુળના મનોરથને દીક્ષા લઇને અકસ્માત તમે ભાંગશો નહિ. હજુ આ તમારે હાથે વિવાહની નિશાનીરૂપ માંગલિક કંકણ છે, તો સહસા તે વિવાહથી પ્રાપ્ત થનારા ભોગોને કેમ છોડી દ્યો છો? હે સ્વામી! તેમ કરવાથી મારી બેન મનોરમાં સાંસારિક સુખના સ્વાદથી ઠગાઇ જશે, અને તમે જ્યારે તૃણની જેમ તેનો ત્યાગ કરી દેશો ત્યારપછી છે કેવી રીતે જીવી શકશે?' વજ્રબાહુકુમાર બોલ્યો–"હે ઉદયસુંદર? માનવજન્મરૂપી વૃક્ષનું સુંદર ફળ ચારિત્ર જે છે. વળી સ્વાતી નક્ષત્રના મેઘનું જળ જેમ છીપમાં મોતીરૂપ થાય છે તેમ તમારાં મશ્કરીનાં વચન પણ મને પરમાર્થ રુપ થયા છે.

તમારી બેન મનોરમા જો કુળવાન હશે તો તે પણ મારી સાથે દીક્ષા ગ્રહણ કરશે, નહિ, તો તેનો માર્ગ કલ્યાણકારી થાઓ પણ મારે તો હવે ભોગથી સર્યું. હવે તું મને વૃત લેવાની આજ્ઞા આપ અને મારી પછવાડે તું પણ વ્રત ગ્રહણ કર કેમકે પોતાની પ્રતિજ્ઞા પાળવી તે જ ક્ષત્રિયોનો કુળધર્મ છે.

આ પ્રમાણે ઉદયસુંદર પ્રતિબોધ આપીને વજ્રબાહુ ગુણરૂપ રત્નોના સાગર ગુણ-સાગર નામના મુનિ પાસે આવ્યા તરત જ વજ્રબાહુએ તેમની પાસે દીક્ષા લીધી. એટલે તેની પછવાડે, ઉદયસુંદર, મનોરમા અને બીજા પચીશ રાજકુમારોએ દીક્ષા લીધી, વજ્રબાહુએ દીક્ષા લીધી એવા ખબર સાંભળી એ બાળક ઉત્તમ છે, અને હું વૃદ્ધ છતાં ઉત્મ નથી' એમ વિચારતાં વિજયરાજાને વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેથી તેણે પુરંદર નામના લધુ પુત્રને રાજ્ય ઉપર બેસારીને નિર્વાણમોહ નામના મુનિની દીક્ષા લીધી. અનુક્રમે પુરંદરે પણ પોતાની પુથિવી નામની રાણીની કૃક્ષાથી ઉત્પન્ન થયેલા કિર્તીધર નામના પુત્રને રાંજ્ય સોંપીને થેમકર નામના મુનિ પાસે દીક્ષા લીધી.

( ક્રમશઃ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# :— મોતી માંડવડા હેઠ —:

### લે. રતીલાલ માણેકચંદ શાહ

(૧) સર્વ અંધકારનો નાશ કરવામાં જ્ઞાન સમાન બીજો કોઇ દીવો નથી કે જે દીવો સ્વર્ગને વિષે ભૂમિને વિષે, પાતાલને વિષે અને ઠેકઠેકાણે અંધકારનો નાશ કરતો જોવામાં આવે છે. (પદ્મપુરાણ ખંડ ૨, અ. ૧–૨–૩ શ્લો. ૮૭)

(૨) જેની પાસે હંમેશા પ્રકાશને કરવાવાળો એવો જ્ઞાનરૂપી સૂર્ય હોય તેની ... ઇન્દ્રિય રૂપ દિશાઓના મુખો નિર્મળ પણાને પામે છે. (તત્ત્વામૃત શ્લો. ૧)

(૩) સંસારી જીવોને આ શરીર ભોગની માટે છે, અને યોગીજનોને તે જ શરીર જ્ઞાનને માટે છે. સમ્યક પ્રકારના જ્ઞાનથી વિષયો વિષરૂપ થયા હોય તો આ શરીર પુષ્ટિ કરવાથી શું ફળ છે (હૃદય પ્રદીપ શ્લો. ૫)

(૪) જેમ જેમ પ્રાણી જ્ઞાનના બળવડે શ્રી જિનેશ્વર ભગવાન જોયેલું તત્ત્વ જાણ-જાય છે, તેમ તેમ તેને પાપનો નાશ કરવામાં સમર્થ એવી બુદ્ધિ થતી જાય છે. (સુભાષિત રત્ન સન્દોહ શ્લો. ૧૯૫)

(૫) જ્ઞાનથીજ માણસો કૃત્ય અને અસત્યના સમૂહને જાણે છે. જ્ઞાનથીજ પવિત્ર એવા ચારિત્રનું આચરણ કરે છે. જ્ઞાનથી જ ભવ્ય જીવો મોક્ષને મેળવે છે તેથી જ્ઞાન એજ તમામ કલ્યાણનું અજોડ મૂળ છે. (સૂક્ત. મુક્તાવલી. અધિકાર શ્લો. ૩

(૬) અજ્ઞાન અંધકાર અજ્ઞાન રૂપી અંધકારથી આચ્છાદન કરાયેલો અને મૂઢ હૃદયવાળો, પુરૂષ હું ક્યાંથી આવ્યો ! હમણા કોણ છું ! અહીંથી હું ક્યાં જઇશ ! મારૂં કેવું સ્વરૂપ છે ! ઇત્યાદિ કાંઇ પણ જાણતો નથી.

(૭) આહાર, નિદ્રા ભય અને મૈથુન આ ચાર બાબત પશુઓને અને મનુષ્યોને સમાનજ છે. તેમાં મનુષ્યોને માત્ર જ્ઞાન જ વિશેષ છે, તે જ્ઞાન રહિત જો મનુષ્ય હોય તો તે પશુ તુલ્ય જ છે. (વિક્રમ ચરિત્ર)

(૮) અજ્ઞાની મનુષ્ય કરોડો જન્મ વડે કરીને જે કર્મનો ક્ષય કરે છે. તે જ કર્મને ત્રણ ગુપ્તિને ધારણ કરનાર જ્ઞાની માણસ અંતર મુહુર્તમાં નાશ કરે છે. (તત્ત્વામૃત શ્લો. ૧૯૦)



For Private And Personal Use Only

(૯) વિષ્ઠામાં ભુંડની પેઠે ખરેખર અજ્ઞાની પ્રાણી અજ્ઞાનમાં ડુબે છે, અને માન સરોવરમાં હંસની જેમ જ્ઞાની મનુષ્ય જ્ઞાનમાં લયલીન થાય છે જ્ઞાનમાં રમણ કરે છે. (જ્ઞાનસાર, જ્ઞાનાષ્ટક શ્લો ૧

(૧૦) ક્રોધ માન માયા વિગેરે તમામ પાપો કરતાં પણ અજ્ઞાન એ ખરેખર અત્યંત દુઃખને આપવા વાળું છે કે જે અજ્ઞાનવડે આચ્છાદિત થયેલો લોક પોતાને હિતકારી કે અહિતકારી પદાર્થને જાણી શકતો નથી. (અસ્ટકત્રકારણ જ્ઞાનષ્ટકમત્રણ-જાટીકા)

(૧૧) સંસારમાં જે માણસ જ્ઞાન વગરનો અજ્ઞાની હોય તે માણસના શૌચક્ષમા સત્ય, તમ ઇદ્રિયદમન વિગેરે બધાગુણો પવનવડે હણાયેલા વૃક્ષ જેમ મુળથી ઉખડી જાય છે, તેની માફક ક્ષણમાં નાશ પામે છે. (સૂ. ર. સ. શ્લો ૨૦૮)

## સમાપ્ત

## :— સચ્ચારિત્ર —:

પલોટાયા વગરનો હાથી શાંન્તિથી ખીલે ટકતો -થી અને
વનમાં જયાં પ્રયત્ન કરે છે, તેમ કેળવાયા વગરનો
સાધુ પણ સાધુતામાં ટકતો નથી અને પ્રપંચરૂપી
વનમાં જવા પ્રયત્ન કરે છે.

'બળવંત



Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## રાજ પ્રસાદી

લે. અમર

૫૨. સર્વ પદાર્થનું સ્વરૂપ જાણવાનો હેતુ થાય એક આત્મજ્ઞાન કરવું એ છે. જો આત્મજ્ઞાન ન થાય તો સર્વ પદાર્થનું જ્ઞાનનું નિષ્ફળ પણું છે જેટલું આત્મ-જ્ઞાન થાય તેટલી આત્મ સમાધી પ્રગટે.

૫૩. કોઈપણ તથા રૂપ જોગને પામીને જીવને એકક્ષણ પણ અંતભેદ જાગ્રતી થાય તો તેને મોક્ષ વિશેષ દુર નથી અન્ય પરિણામમાં જેટલી તાદત્યય વૃત્તિ છે. તેટલો જીવથી મોક્ષ દુર છે જો કોઇ આત્મ જોગ બને તો આ મનુષ્ય પણાનું મુલ્ય કોઇ રીતે ન થઇ શકે તેવું છે. પ્રાપ્ય મનુષ્ય દેહ વિના આતમ' જોગ બનતો નથી એમ જાણી અત્યંત નિશ્ચય કરી આ દેહમાં આત્મ જોગ ઉત્પન્ન કરવો ઘટે.

૫૪. અત્યંત જ્ઞાન હોય ત્યાં અત્યંત ત્યાગ સંભવે છે, અત્યંત ત્યાગ પ્રગટયા વિના અત્યંત જ્ઞાન ન હોય એમ શ્રી તીર્થંકરે સ્વીકાર્યું છે આત્મ પરિણામથી જેટલો અન્ય પદાર્થનો તાધાત્ય અધ્યનસ નિવર્તવો તેઓશ્રી જિન ત્યાગ કહે છે રાગ દેષ પરિણામનું પરિક્ષીણ પણું જ કર્તવ્ય છે.

૫૫. સર્વ વિભાવથી ઉદાસીન અને અત્યંત શુદ્ધ નિજ પર્યાયને સહજ પણે આત્મા ભજે, તેને શ્રી જિને તીવ્રજ્ઞાન દશા કરી છે. જે દશા આવ્યા વિના કોઈપણ જીવ બંધન મુક્ત થાય નહી એવો સિદ્ધાંત શ્રીજિને પ્રતિપાદન કર્યો છે જે અખંડ સત્ય છે.

૫૬. જેમ છે તેમ નિજ સ્વરૂપ સંપૂર્ણ પ્રકાશે ત્યાં સુધી નિજ સ્વરૂપના નિ-દ્ધાસતમ સ્થિર રહેવાને જ્ઞાની પુરૂષના વચનો આધાર ભૂત છે, એમ પરમ પુરૂષશ્રી તીર્થંકરે કહ્યું છે, તે સત્ય છે.

૫૭. સહજ સ્વરૂપે જીવની સ્થિતિ થવી તેને શ્રી વીતરાગ "મોક્ષ" કહે છે. સહજ સ્વરૂપથી જીવ રહીત નથી, પણ તે સહજ સ્વરૂપનું આપ ભાન જીવને નથી જે થવું તેજ સહજ સ્વરૂપે સ્થિતિ છે. સંગના યોગે આ જીવ સહજ સ્થિતીને ભુલ્યો છે, સંગની નિવૃત્તિએ સહજ સ્વરૂપનું અપરોક્ષ ભાન પ્રગટે છે એજ માટે સર્વ તીર્થંકરાદિ જ્ઞાનીઓએ અસંગપણું જ સર્વોત્કૃષ્ટ કહ્યું છે, કે જેના અંગે સર્વ આત્મ સાધન રહ્યા છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫૮. સત્યનું જ્ઞાન થયા પછી મિથ્યા પ્રવૃત્તિ ન ટળે એમ બને નહિ, કેમકે જેટલે અંશે સત્યનું જ્ઞાન થાય તેટલે અંશે મિથ્યાતવાન પ્રવૃત્તિ વહે એવો જિનનો નિશ્ચય છે. કદી પૂર્વ પ્રારંબ્ધથી બાહ્ય પ્રવત્તિનો ઉદય વર્તતો હોય તો પણ મિથ્યા પ્રવૃત્તિમાં તાદત્મય થાય નહિ એ જ્ઞાનનું લક્ષણ છે.

૫૯. નિમિતે કરીને જેને હર્ષ થાય છે. નિમિતે કરીને જેને શોક થાય છે, નિમિતે કરીને જેને ઇન્દ્રિય જન્મ વિષય પ્રત્યે આકર્ષણ થાય છે, નિમિતે કરીને જેને ઇન્દ્રિયને પ્રતિકુળ એવા પ્રકારને વિશે દ્વેષ થાય છે, નિમિતે કરીને જેને કષાય ઉદભવે છે, એવા જીવને જેટલો બને તેટલો તે તે નિમિતવાસી જીવને સંગ ત્યાગવો ઘટે છે. અને નિત્ય પ્રત્યે સત્સંગ કરવો ઘટે છે.

૬૦ હું દેહાદી સ્વરૂપ નથી, અને દેહથી પુયાદી કોઇપણ મારા નથી, શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું. એમ આત્મ ભાવના કરતા રાગ દ્વેષનો ક્ષય થાય.

આતમ ભાવનાં ભાવતા
જીવબહે કેવળ જ્ઞાન રે.

૬૧. આત્મા સચ્ચિદાનંદ જ્ઞાતા અપેક્ષાએ સર્વ વ્યાપક સચ્ચિદાનંદ એવો હું આત્મા એક છું. એમ વિચારવું ધ્યાપવું નિર્મળ અત્યંત નિર્મળ પરમ શુદ્ધ ચેતન્ય ધન પ્રગટ આત્મસ્વરૂપ વડે સર્વને બાદ કરતા કરતાં જે અબાધ્ય અનુભવ રહે છે તે આત્મા છે સર્વને જાણે છે તે આત્મા છે જે સર્વભાવને પ્રકાશે છે તે આત્મા છે તે આત્મા છે, ઉપયોગમય આત્મા છે. અવ્યાબાધ સમાધિ સ્વરૂપ આત્મા છે આતમ આત્મા અત્યંત પ્રગટ છે, કેમકે સ્વસંવેદન પ્રગટ અનુભવમાં છે.

૬૨. અનંતવાર દેહને અર્થે આત્મા ગાળ્યો છે, જે દેહ આત્માને અર્થે ગળાશે તે દેહ આત્માને અર્થે ગણાશે તે દેહે આત્મ વિચાર જન્મ પામવા યોગ્ય જાણી સર્વ દેહાર્થની કલ્પના છોડી દઈ એક માત્ર આત્માર્થમાં જ તેનો ઉપયોગ કરવો, એવો મુમુક્ષુ જીવને અવશ્ય નિશ્ચય જોઇએ.

(ક્રમશઃ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મમય જીવનાં લક્ષણો

લે૦ આ. શ્રી અશોકચંદ્ર (ડહેલાવાળા) મુંબઇ

આખી રાત તેઓએ હલેસા માર્યા છતાં સવાર પડયું તો પણ સામે કિનારે પહોંચ્યા નહિ. તેઓ વિચારમાં પડી ગયા. અને નશાનો કેફ ઉતરી ગયો હતો. સવારના અજવાળામાં તેઓએ જોયું તો માલુમ પડયું કે હોડી તો કિનારા સાથે દોરડાથી બાંધેલી છે. તે દોરડું જ તેઓએ છોડયું ન હતું. દોરડુ છોડયા વિના તેઓ આગળ કેવી રીતે વધી શકે. પછી તેઓએ દોરડું છોડયું અને પરિણામે થોડીવારમાં સામે કિનારે પહોંચ્યા. જેઓ ધાર્મીક ક્રિયા કરી રહ્યા હોય છે. છતાં વિકાસ સાધી શકયા નથી. તેઓના જીવનમાં આ જાતની જ ખાત્રી માલુમ પડશે તેઓ ધાર્મિક ક્રિયા વડે હલેસા મારી રહ્યા હોય છે. પરંતુ તેઓએ પોતાના જીવનને સાંસરિક મોહ અને રાગ દ્વેષના દોરડા વડે બાંધેલું હોય છે. અને તેથી તેઓ વિકાશ સાધી શકતા નથી. જેઓ વિકાશ સાધવા ઇચ્છતા હોય તેઓએ ધાર્મિક ક્રિયાઓ કરવાની સાથે પોતાના જીવનને સાંસારિક મોહમાંથી મુક્ત કરવું ઘટે છે. તે મોહરૂપી દોરડુ કાપી નાખવામાં આવે ત્યારે જ વિકાશ સાધી શકાય છે. આ દોરડું કાપી નાખવામાં આવે ત્યારે ધર્મના દશ લક્ષણો તેમના જીવનમાં પ્રગટે છે અને તે ક્રમશ વિકાશ સાધી નરમાંથી નારાયણ બની શકે છે....

સત્યવાન હરિશ્ચન્દ્રનું નામ તો તમો જાણો છો સત્યને માટે તેમણે કેટલું દુઃખ સહન કર્યું જે વ્યક્તિ સત્યની કિંમત સમજે છે તે ગમે તે વસ્તુ છોડવા તૈયાર થાય છે. પરંતુ સત્યનો ત્યાગ કરવા તે વ્યક્તિ તત્પર થતી નથી. આ છે સત્ય માટેની તાલાવેલી. સત્યવાન હરિશ્ચન્દ્ર સત્ય માટે પોતાનું રાજપાટ ત્યાગ્યું. સત્ય કાજે પોતાની સ્ત્રીને વેચવામાં આનાકાની કરી નહી. સત્યને માટે પોતાની જાતને વેચવામાં પણ શરમ અનુભવી નહી. સત્યને કાજે આ બધુ કર્યું પરંતુ સત્યનો ત્યાગ કર્યો નહી. ધાર્મીક ક્રિયાઓની સાથે આ જાતની ધર્મમય જીવન જીવવાની ઉત્સુકતા જાગે તો જ વિકાશનો માર્ગ સરળ બની જાય. ધાર્મિક ક્રિયાઓ કરવી અને સાથે સાથે સાંસારિક પદાર્થોમાં આશકિત રાખવી એ બન્ને વસ્તુઓ એક સાથે રહિ શકિત નથી, ધાર્મિક ક્રિયાઓ સાથે રહિ શક્તિ નથી ધાર્મિક ક્રિયાઓ સાથે ધર્મમય જીવ-બને ત્યારે જ વિકાશના માર્ગનો વેગ વધે. અકરણ શ્રાવકે ધન જતું કર્યું, પરંતુ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાના ધર્મને ત્યાગવાની અનિચ્છા દર્શાવી હતી. આ જાતની તાલાવેલી જાગે તો વિકાશ સાધવામાં અને ધ્યેયે પહોંચવામાં જરાપણ વાર લાગે નહિ. છેલ્લે સાંસારીક જીવનની ક્ષણીકતા દર્શાવતો એક શ્લોક કહીને હું મારૂં વકતવ્ય પૂર્ણ કરીશ.

संपदो जलतरंग विलोला योवनं त्रिचतुराणी दिनानि ।
शारदा सुमित्र चंचलमायु किं धने कुरुत धर्मनिदं ॥

સંપતિ પાણીના તરંગ જેવી અસ્થિર છે. યૌવન ત્રણ ચાર દીનનું અને ધનની પણ મહત્તા શું છે? માટે હે આત્મા, ઉતમ એવા ધર્મની આરાધના કર.

સમાપ્ત

## જ્ઞાની અને ધુની

બોલનાર અભણ હોય તો એનો અર્થ નથી સમજાતો તેમ બોલનાર અતિ ભણેલો હોય તો એનો મર્મ નથી સમજાતો, કારણ અભણ પોતે શું બોલે છે એ નિશ્ચિત રીતે પોતે જ સમજતો નથી, જ્યારે અતિ ભણેલા પોતાનું બોલવું સભા સમજે છે કે નહિ, એ નથી સમજી શકતો આ જ કારણે દુનિયા ઘણીવાર ભણેલાને મુર્ખ પણ કહે છે, ને મુર્ખને તત્વચિન્તક ધુની પણ કહે છે!

"બળવંત"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધી જૈન એશોશિએશન ઓફ ઈન્ડિયા. મુંબઇ

## સાર્વજનિક ટ્રસ્ટના ટ્રસ્ટીઓને ઉપયોગી માહિતી.

ધાર્મિક માન્યતાને કારણે પરોપકારી વૃત્તિને લીધે અને પુણ્યનું ભાથુ બાંધીને જીંદગી સફળ બનાવવા અને કર્મની નિર્જરા કરવા માટે અનેક વ્યક્તિ પોતાના નાણાંનો સદ્‌પયોગ કરવા માટે ધર્માદા અને ધાર્મિક પ્રવૃત્તિને વેગ આપવા માટે અલગ ખાતુ રાખે છે અને વિશ્વાસ પૂર્વક તેનો વહિવટ ચલાવે છે.

કબુતર (પારેવા)ની ચણ કુતરાને રોટલા તેમજ પશુપંખી અને અશક્ત માનવી માટે સહાયરૂપ બનવાની યોજના આપણા વડવાઓએ ઘડેલી છે. ધર્મશાળા અને પાણીની પરબો બંધાવી છે. આવા અસંખ્ય ટ્રસ્ટો આજે પણ નાના મોટા ગામડા વિદ્યમાન છે.

ધાર્મિક દ્રષ્ટિ પુષ્ટિ આપવા કાજે દેરાસર, ઉપાશ્રય, આયંબીલ ખાતુ વાંચનાલય અને પુસ્તકાલય તેમજ ભોજનશાળા ઇત્યાદિ સંસ્થાઓની સ્થાપના થયેલી છે. આ બધાનો વહિવટ એક કાળે એક હથ્થુ હતો પરંતુ કાયદા-કાનુનોનું પ્રમાણ વ્યાપક બનતું ગયું અને દેશકાળ બદલાતો ગયો તે પ્રમાણે આ વહિવટની કાર્યવાહી તથા તેને લગતી હિસાબી પદ્ધતિમાં વ્યાપક પ્રમાણમાં ફેરફાર થતો રહ્યો છે.

ટ્રસ્ટ એટલે વિશ્વાસનુ પ્રતીક મહાત્મા ગાંધી કહેતા હતા કે ટ્રસ્ટીએ તો સંભાળ પૂર્વક અને સ્નેહથી ટ્રસ્ટની રખેવાળી કરવાની ટ્રસ્ટની મિલ્કતનો અંગત હેતુ માટે વપરાશ હોઇ શકે નહિ. આપણે ત્યાં એવી વાત પણ પ્રચલિત છે કે ટ્રસ્ટના કામ-કાજ માટે સળગાવેલી મીણબતી પણ સંસ્થાનું કામ પુરૂં થાય કે તુરત જ બુઝાવી નાંખવામાં આવતી હતી અંગત માલીકીની મીણબત્તીનો ઉપયોગ વ્યક્તિગત કામમાટે કરવામા આવતો હતો.

ઇંડિયન ટ્રસ્ટ એક્ટ, ૧૮૮૨ ની કલમ ૩ માં ટ્રસ્ટની વ્યાખ્યા આપવામાં આવી છે. આ વ્યાખ્યા અનુસાર ટ્રસ્ટ રચનાર મિલ્કતની ફેરબદલી કરીને ટ્રસ્ટને અર્પણ કરે છે. જેનો સ્વીકાર ટ્રસ્ટી કરે છે. તેનો ઉપયોગ ટ્રસ્ટના હેતુ અને ધ્યેયને અનુલક્ષીને કરવામાં આવે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરારને લગતા કાયદામાં (ધી ઇન્ડિયન કોન્ટેકટ એકટ) જણાવ્યા અનુસાર કરાર મૌખિક રીતે થઇ શકે છે અને લેખિત પણ થાય છે. કમિશ્નર ઓફ ઇન્કમટેક્ષ વિ. ઠાકોરદાસ ભાર્ગવ ૪૦ આઈ. ટી. આર ૩૦૧ના કેસમાં જણાવ્યા મુજબ કાયદેસરના ટ્રસ્ટ માટે ડેકલેરેશન કે વિચાર ધારાની લેખિત જરૂરીયાત નથી. જો ટ્રસ્ટ રચવા માટેનું ધ્યેય કે વિચરણા અન્યથા પુરવાર થઈ શકતી હોય.

જમાને જમાને દરેકના મુલ્યો બદલાય છે. માનવીની વિચારધારા અને વર્તનના ફેરફાર થાય છે. પરિસ્થિતિમાં પલટો આવે છે. માનવસ્વભાવ અને તેની વર્તુણુકમાં પણ ફેરફાર થતો રહે છે. પુરાવાની ગણતરી અગત્યનો ભાગ ભજવે છે. કાયદા-કાનુન અન્વયે પણ મૌખિક કરતાં લેખિતનું મહત્વ વિશેષ રહે છે. આ કારણથી ટ્રસ્ટની રચના લેખિત અને વિદ્યમાન ધારાને લક્ષમાં રાખીને થતી જરૂરી છે.

ઇન્ડિય ટ્રસ્ટ એકટની કલમમાં દર્શાવ્યા મુજબ સ્થાવર મિલ્કત સંબંધીનું ટ્રસ્ટ અંગેનું દસ્તાવેજ ઉપર લખાણ થવું જોઇએ અને તે રજીસ્ટર કરવાનું જોઇએ. જ્યારે જંગમ મિલ્કત અંગેનું ટ્રસ્ટ લખાણ દ્વારા ટ્રસ્ટીઓને મિલ્કતની અંગેનું ટ્રસ્ટ લખા દ્વારા ટ્રષ્ટીઓને મિલ્કતની ફેરબદલી કરીને સુપ્રત કરવામાં ન આવે ત્યાં સુધી કાયદે-સર મનાતું નથી.

ઇંડિયન ટ્રસ્ટ એક ઉપરાંત રાજ્ય સરકારના ટ્રસ્ટને લગતા ધારાનો વિચાર સાર્વજનિક ધાર્મિક અથવા ધર્માદા ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ કરવાનો છે. આ કાયદા હેઠળ નોંધણીથી માંડીને ટ્રસ્ટીઓમાં થયેલા ફેરફારની ખબર, વાર્ષિક હિસાબ તથા અહેવાલ નિયત કરેલ ફોર્મમાં રજુ કરવા.

તેમજ મજકુર કાયદા અન્વયેની અન્ય જોગવાઇ પ્રત્યે ધ્યાન આપવાનું જરૂરી છે. ધારા હેઠળથી સમય મર્યાદા તેમજ ટ્રસ્ટને લગતી ટ્રસ્ટીઓની જવાબદારી પ્રત્યે ધ્યાન રાખી યોગ્ય કાર્યવાહિ કરવી જરૂરી છે. આ પ્રમાણે કરવામાં નિષ્ફળ નીવડનાર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ કાયદા અન્ય દંડને પ્રાત્ર નીવડે છે. આ ઉપરાંત વેરા ધારાની જોગ-વાઈ પ્રત્યે ટ્રસ્ટીઓએ વધુ સજાગતા કેળવવી જરૂરી છે.

વેરા ધારાની હાલની જોગવાઇને કારણે એક બાજુએ ધર્માદા ટ્રસ્ટોની રચના વેરો બચાવવાના માધ્યમ તરીકે ખુબજ વ્યાપક બનતી ગઇ છે. જ્યારે બીજી બાજુએ સાર્વજનિક ટ્રસ્ટોની જવાબદારીમાં અપ્રતિમ વધારો થઈ ગયો છે. (ક્રમશઃ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાંપ્રદાયિક સંબોધનો

( લે : પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ. )

આ પદ્યનો અક્ષરશઃ અનુવાદ ન આપતા એનો ભાવાર્થ સૂચવું છું, વૈદિકો અન્ય ધર્માવલંબીઓને શ્રાવકોને, જૈનોને અને બૌદ્ધોને 'નાસ્તિક' કહે છે, જૈનો ઇતર જનોને 'મિથ્યાત્વી' કહે છે.

સ્વામીનારાયણ પંથના અનુયાયીઓ અન્ય જનોને 'કુસંગી' અને પોતાને 'સત્સંગી' કહે છે. વૈષ્ણવો અન્યને 'અનાશ્રયી' તરીકે સંબોધે છે. આર્યસમાજીઓ અન્ય જનોને 'અનાર્ય' કહે છે. હિન્દુઓ યવનોને 'મ્લેચ્છ' કહે છે. મુસ્લીમ હિન્દુઓને 'કાફર' કહે છે, આ પ્રમાણેનો સર્વ અધઃપાત કરનારો અને ભેદભાવ ભારતમાં પ્રસરેછે.

તત્ત્વાર્થાધિગમશાસ્ત્રના ભાસ્યકારે વાચક ઉમાસ્વાતિએ આદી સૂ. ૩૫ના ભાષ્યમાં (પૃ, ૧૨૧ માં), અ. ૩ ના ભાષ્યમાં (પૃ ૨૩૨ માં) અને અ. ૫, સૂ. ૨૨ ના ભાષ્યમાં (પૃ ૩૫૪ માં જૈનથી ભિન્ન મતાવલંબીઓ માટે 'તંત્રાન્તરીય' શબ્દ વાપર્યો છે. એના ટીકાકાર સિ સેન ગણિએ આ સ્થળે વપરાયેલા 'તન્ત્રાતરીય' ના અર્થ અનુક્રમે નીચે મુજબ દર્શાવ્યા છે.

વૈસેષિકો ઇત્યાદિ, માયાસનવીયો યાને બૌદ્ધો અને માયા સૂનવીયો કિંવા બૌદ્ધઃ

મહાર્ષ બુદ્ધની માતાનું નામ 'માયા' છે. એ ઉપરથી માયાના પુત્રો તે બૌદ્ધો એમ સૂચવાયુ છે.

નમોસ્તુ વર્ધમાનાયમાં મહાવીરસ્વામી કુતીર્થિકોને પરોક્ષ હોવાનું કહે છે.

સ્થાનકવાસીઓને કેટલાક 'ઢુંઢિયા' કહે છે તો તેઓ મુત્તિપૂજક જૈનોને 'દેરાવાસી કહે છે. પણ તેમ કહેવું યથાર્થ નથી કેમકે મૂત્તિપૂજક જૈને કઇ દેશમાં જિનાલયોમાં રહેતા નથી.

યોગવહન કર્યાં વિના આચાર્ય બનેલાના સંતાનીયોને એક આચાર્યે 'સંમૂચ્છિમના ભેટા કહ્યા છે. આગમમાં જમાલિ વગેરે સાતને અને અન્ય ગ્રંથોને સિવભૂતિને 'નિહ્નવ' કહ્યું છે. એક જૈન કૃતિમાં સ્થાનકવાસીને અમૂત્તિપૂજક જૈનોને 'નિહ્નવ કહ્યા છે. આ પણ એક જમાનો છે ને? તા, ૧૫-૧૧-૭૪

**સમાપ્ત**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

No. Reg G BV-37

અઢી દ્વીપમાં ૧૫ કર્મ ભૂમી ક્ષેત્રોની ૧૭૦ વિજયોમાં,
ભૂતકાળે અનંતાનંત ચોવીશીઓ અનંતાનંત વીશીયો,
અને અનંતાનંત ૧૭૦ જિનેશ્વરો થયા છે, તે સંખ્યાથી,
અનંતાગુણા હજી ભવિષ્ય કાળે ચોક્કસ થવાના છે.
જેમના પાંચે કલ્યાણકો થઈ ગયા છે જેમના પાંચ
કલ્યાણકો થવાના છે, જેઓ સર્વજ્ઞ–સર્વદર્શી બનીને
તીર્થની સ્થાપના દ્વારા જગતના ભવ્ય જીવોનો ઉપકાર
કરી ગયા છે જેઓ ભવિષ્યકાળે અનંતાનંત ભવ્ય
જીવોનો ચોક્કસ ઉપકાર કરવાના છે જેઓના આઠે કર્મક્ષય
થઈ ગયા હોવાથી મોક્ષમાં પધારી ગયા છે જેઓના આઠ કર્મ
વિદ્યમાન હોવાથી હાલ સંસાર વર્તી હોવા છતાં ભવિષ્ય કાળે
ભવ સ્થિતિ પરિવાર પામીને આઠ કર્મનો ચોક્કસ ક્ષય કરવાના છે
અને મોક્ષમાં અવશ્ય પધારવાના છે. એવા અઢી દ્વીપના ૧૫
કર્મભૂમિ ક્ષેત્રની ૧૭૦ વિજયોના ત્રણે કાળના અનંતાનંત
તીર્થંકર પરમાત્માઓને હું મારા માનસ મંદિરમાં
પધરાવરાનીને તે બધા મહા પુરૂષો જિનેશ્વર પરમાત્માઓના
ચરણ કમલમા મારૂં ઉત્તમાંગ સ્થાપન કરીને ત્રિકરણ મેળવીને
હજારોવાર લાખોવાર ક્રોડોવાર નમસ્કાર કરૂં છું

લેખક : **મુનિચરણવિજયજી** અમદાવાદ

પ્રકાશક : જયંતિલાલ મગનલાલ શાહ. શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર.
મુદ્રક : ફતેચંદ ખોડીદાસ ગાંધી, અરૂણોદય પ્રિન્ટીંગ પ્રેસ–ભાવનગર.

For Private And Personal Use Only